# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૦/૦૬/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં વૈરાગીની વાડી,વિઘ્નેશ્વર મહાદેવની શેરી,મંછરપુરા,બાવાસદિકનો ટેકરો,સહારા દરવાજાથી મુંબઈવડ ચાર સસ્તા જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં જય અંબે સોસા,સંતતુકારામ સોસા,વિ.–૨,પ્રશાંતનગર–૨,આંબેડકરનગર જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં અશોક સમ્રાટનગર,હરિઓમનગર સી, જય અંબેનગર–૨,ઓમ કોમ્પલેક્ષ,યોગેશ્વરનગર,ગભેણી જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં સુભાષનગર,શિવાજીનગર,ચિમની ટેકરા, દિપકનગર,કેશવનગર, નારાયણનગર ઈન્ડસ્ટ્રીઝ તથા આજુબાજુનો વિસ્તારોમાં અઠવા ઝોનમાં ગર્વમેન્ટ કવાટર્સ અઠવા લાઈન્સ,પ્રજ્ઞાનગર,સુડાઆવાસ, હળપતિવાસ ,ગવિયર ગામ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં ફુલવાડી,જેરામમોરાની વાડી,ગીતાનગર, ફુલપાડામઘુવન સોસા,કોસાડ આવાસ એચ–૫. જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમા ગણેશનગર, ચોરસીયાની ચાલ, આંબેડકરનગર, વરૂણ કોમ્પલેક્ષ, સૈયદ,માળ,મોલવી, બાંગી, વકીલ, નાણાવટ, ઝંડા, ખોડિયારનગર,ધર્મરાજ સો., ધર્મનંદન, સ્વામીનારાયણ સો., લક્ષ્મીનગર. જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **38664** | **85058** | **373** | **10682** | **1130** | **2781** | **132** | **62200** | **71** | **31195** | **19423** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૦૯/૦૬/૧૭નાં રોજ તમામ સરકારી/અર્ધસરકારી તથા સુરત મહાનગરપાલિકાની કચેરીઓની સફાઈ કરાવવી અને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૯/૦૬/૧૭નાં રોજ તમામ સરકારી/અર્ધસરકારી તથા સુરત મહાનગરપાલિકાની કચેરીઓની સફાઈ કરાવવી અને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૯/૦૬/૧૭નાં રોજ શહેરની મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં આવેલ જુદી જુદી કચેરીઓ તથા ઝોન ઓફિસની કચેરી તેમજ આરોગ્ય/ઈજનેર/વી.બી.ડી.સી. વિભાગની જુદી જુદી કચેરીઓમાં ફરજ બજાવતા સ્ટાફની ટીમ બનાવી દરેક કચેરીઓમાં લાઈટ, પંખા, પાણીની ટાંકી, વોટરકુલર, કચેરીનાં ટોયલેટ બ્લોક તેમજ જુનાં તુમાર ફાઈલ વિગેરેનો નિકાલ કરાવ્યા બાદ દરેક કચેરીમાં હાજર રહેલ કર્મચારીઓને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા બાબતનાં શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| સફાઈ કરવામાં આવેલ કચેરીની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | શપથ લેવડાવવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|
| ૯૫ | ૨૮૫ | ૨૩૯ | ૧૧૮૦ | ૩.૮૭૫ | ૯૦૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**''વિશ્વ પર્યાવરણ દિવસ''** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૦/૦૬/૧૭નાં રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૦૫/૦૬/૧૭નાં રોજ **''વિશ્વ પર્યાવરણ દિવસ''** નિમિતે તા.૧૦/૦૬/૧૭ નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૦/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮,૬૬૪ | ૮૫,૦૫૮ | ૩૭૩ | ૧૦,૬૮૨ | ૧૧૩૦ | ૨૭૮૧ | ૧૩૨ | ૬૨,૨૦૦ | ૭૧ | ૩૧,૧૯૫ | ૧૯,૪૨૩ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**''સ્વચ્છ ભારત મિશન''**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૧૩/૦૬/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય :- તા.૧૩/૦૬/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૧-મુગલીસરા-સૈયદપુરા-કુબેરનગર,૧૨-સલાબતપુરા-નવાપુરા-મહિધરપુરા,૧૯-સગરામપુરા-રૂસ્તમપુરા-ઉધના, રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરા માતાના મંદિરની પાસે, કડીવાલા હેલ્થ સેન્ટરની સામે, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.**

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૧૩/૦૬/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૧-મુગલીસરા-સૈયદપુરા-કુબેરનગર, ૧૨-સલાબતપુરા-નવાપુરા-મહિધરપુરા, ૧૯-સગરામપુરા-રૂસ્તમપુરા-ઉધના, રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરા માતાના મંદિરની પાસે, કડીવાલા હેલ્થ સેન્ટરની સામે, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# અખબારી યાદી

સુરત :– ૫–જુન પર્યાવરણ દિવસથી સુરત મહાનગરપાલિકા દ્વારા સુકો ભીનો કચરો અલગ કરવાનું અભિયાન શરૂ થયેલ છે. જે અંતર્ગત તમામ શહેરીજનો સુધી આ વાત પહોંચે તે માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે મુજબ આજ રોજ લિંબાયત ઝોનના મિઠીખાડી વિસ્તારમાં આવેલ નવા કમરૂનગર આવાસના રહીશોને એકત્ર કરીને સુકા–ભીના ધન કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ કચરાના ડબ્બાઓમાં ભેગો કરીને, ડોર–ટુ–ડોરના વાહનમાં નિકાલ કરવા માટેની વિસ્તૃત સમજ લિંબાયત ઝોનના આસી.કમિશ્નર શ્રીમતિ ગાયત્રીબેન જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો. અજીત પી. ભટ્ટ તથા ચીફ સેનીટરી ઈન્સ્પેકટર શ્રી મોહંમદ ઈકબાલ શેખ દ્વારા આપવામાં આવી હતી. નવા કમરૂનગર આવાસના કાર્યકર ભાઈ–બહેનો, સર્વશ્રી જાવીદ શેખ, શકીલએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## :: પ્રેસનોટ ::

### "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી" નિમિત્તે તા.૧૬/૦૬/૨૦૧૭નારોજ વિવિધ ઝોનમાં યોજાનાર યોગ અંગેની તાલીમ.**

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તા. ૨૧ જૂનના દિવસને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ રજૂઆતને સંયુકત રાષ્ટ્ર સંઘએ સ્વીકારી "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર થતાં વિશ્વભરમાં યોગની ઉજવણી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં યોગ પ્રશિક્ષકો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે નીચે મુજબના વિવિધ સ્થળોએ તા.૧૬/૦૬/૨૦૧૭ના રોજ સવારે આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| ક્રમ | ઝોનનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ચં.ચી.મહેતા નાટ્યગૃહ, (રંગ ઉપવન), ચોકબજાર, સુરત |
| ૨ | લિંબાયત ઝોન | સુભાષનગર કોમ્યુનિટી હોલ, સુભાષનગર, સંજય નગર સર્કલ પાસે, લિંબાયત, સુરત. |
| ૩ | રાંદેર ઝોન | દિવાળી બાગ કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ, સુરત. |
| ૪ | કતારગામ ઝોન | મલ્ટી પર્પઝ હોલ, પહેલો માળ, સીંગણપોર, વાળીનાથ ચોકથી સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૫ | વરાછા ઝોન | ડો.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ, આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૬ | ઉધના ઝોન | પાંડેસરા કોમ્યુનિટી હોલ, પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા, સુરત. |
| ૭ | અઠવા ઝોન | અલથાણ કોમ્યુ. હોલ (ઉપર અને નીચે), અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં,ભટાર, સુરત |

૨૧મી જૂન ૨૦૧૭ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં સવારે ૬.૩૦ કલાકે સૌ નગરજનોએ સ્વૈચ્છિક રીતે પોતાને નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામની નોંધણી કરાવી યોગ કાર્યક્રમમાં જોડાવાનું રહેશે. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ સાથે યોગ નિદર્શનો કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. પોતાની તંદુરસ્તી માટે તમામ નગરજનોએ રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ મેળવી "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૧૨/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ પે એન્ડ યુઝ ની સ્વચ્છતા અંગેની ચકાસણી કરવી તથા ખામીઓ/રીપેરીંગ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૨/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ પે એન્ડ યુઝ ની સ્વચ્છતા અંગેની ચકાસણી કરવી તથા ખામીઓ/રીપેરીંગ કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૨/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ધ્વારા આરોગ્ય/ઈજનેર વિભાગની સંયુકત ટીમ બનાવી તેઓનાં ઝોનમાં આવેલ પે એન્ડ યુઝ ઈજનેર/ઈજારદારશ્રીનાં સ્ટાફ ધ્વારા તુટેલ ટબ/ટાઈલ્સ પર પ્લાસ્ટર કરવાની કામગીરી કરવામાં આવેલ હતી. વધુમાં પે એન્ડ યુઝ પાણીનાં સપ્લાય માટે બનાવેલ પાઈપ લાઈનમાં થયેલ લીકેજ પાઈપ લાઈન, નળ, ફલશ કોક બદલવાની કામગીરી તેમજ ઈલેકટ્રીક સપ્લાયનાં લગાડેલ બોર્ડ, સ્વીચ, ટયુબલાઈટ, બલ્બ વિગેરે બદલવાની કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ આરોગ્ય/ઈજારદારશ્રીનાં સફાઈ કામદારો પાસે પે એન્ડ યુઝનાં બ્લોકો એસીડ–ફીનાઈલ લીકવીડ શોપથી સ્વચ્છ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ પે એન્ડ યુઝની સંખ્યા | ક્ષતિ/ખામીઓ નું રીપેરીંગ કર્યાની સંખ્યા | સફાઈ કામગીરીમાં ભાગ લીધેલ સ્ટાફ | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| | | સુપરવાઈઝર | કામદાર | ઈજારદારનાં કામદાર | | |
| ૭૦ | ૧૪ | ૪૩ | ૮૬ | ૭૮ | ૨.૪૨ | ૧૦૫૦ |

વધુમાં આ ટીમો ધ્વારા આજુબાજુમાં રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તથા આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## અખબારી યાદી

**સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા. ૧૩/૦૬/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની કામગીરીની વિગત.**

**વિષય** : તા. ૧૩/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ આશાપુરા માતાના મંદિરની પાસે કડીવાલા હેલ્થ સેન્ટરની સામે સુરતખાતે યોજાયેલ સેવાસેતુની વિગત

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોક ઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૧૩/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ આશાપુરા માતાના મંદિરની પાસે કડીવાલા હેલ્થ સેન્ટરની સામે સુરત ખાતે સુરત મહાનગરપાલીકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં શ્રી પીયુષભાઇ શિવશક્તિવાળા એ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ હતુ કે, સરકારની યોજનાઓને સામાન્ય લોકો સુધી પહોચાડવાની સેવા એટલે સેવાસેતુ. સેવાસેતુ થકી જન્મથી મરણ સુધી વિવિધ સેવાઓ એક જ સ્થળે અને લોકોને તેના જ વિસ્તારમાં સેવા પુરી પાડવામાં આવી છે. શાસક પક્ષના નેતાશ્રી રણજીતભાઇ ગીલીટવાળા-ધારાસભ્યશ્રીએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, અધિકારી પાસે લાભાર્થી જાય તો લાભ લેવાનું રહી જાય, તે માટે સરકારશ્રી દ્વારા અધિકારી પ્રજા પાસે જાય તે માટે સેવા-સેતુનું આયોજન કરવામાં આવેલ છે. ધક્કા ખાવાથી કામ ન થાય, પૈસા અને સમયનો બગાડ થાય તેનો ઉકેલ એટલે સેવા-સેતુ કાર્યક્રમ .

આ સેવાસેતુ કાર્યક્રમમાં શ્રીમતી અસ્મીતાબેન શિરોયા, મેયરશ્રી, શ્રી જનકભાઇ બગદાણાવાળા-ધારાસભ્યશ્રી, શ્રી રણજીતભાઇ ગીલીટવાળા-ધારાસભ્યશ્રી, શ્રી શંકરભાઈ ચેવલી, ડે. મેયરશ્રી, અજયભાઇ ચોક્સી (દંડકશ્રી ગુજરાત સરકાર), અનીલભાઇ બીસ્કીટવાળા, ચેરમેનશ્રી, નેન્સીબેન, કોર્પોરેટરશ્રી, કિશોરીબેન કાપડીયા, કોર્પોરેટરશ્રી, દક્ષાબેન જરીવાળા, કોર્પોરેટરશ્રી, આરતીબેન પટેલ, કોર્પોરેટરશ્રી, રેશ્માબેન લાપસીવાલા, કોર્પોરેટરશ્રી, ગીતાબેન પટેલ , કોર્પોરેટરશ્રી, હેમલતાબેન, કોર્પોરેટરશ્રી, પીયુષભાઇ શીવશક્તિવાળા તેમજ હાજર રહેલ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૧૦૬૩ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.




સુરત મહાનગરપાલિકા



**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૧૩/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ગાર્ડન/શાંતિકુંજની અંદરની સફાઈ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૩/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ગાર્ડન/શાંતિકુંજની અંદરની સફાઈ કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૩/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય/ગાર્ડન વિભાગની સંયુકત ટીમો બનાવી સદર ટીમો ધ્વારા બાગ–બગીચા તથા શાંતિકુંજની અંદર–બહાર તેમજ આજુબાજુનાં લાગત રસ્તાની ધનિષ્ઠ સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવ્યા બાદ જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| શાંતિકુંજ/ગાર્ડન | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| | મ્યુ.સભ્યશ્રી/અધિકારીશ્રી | સુપરવાઈઝર | કામદાર | | |
| ૫૩ | ૨૦ | ૭૭ | ૨૦૯ | ૨.૮૮૫ | ૧૧૯૫ |

વધુમાં આ ટીમો ધ્વારા આજુબાજુમાં રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તથા આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

प्रेस नोट

**પ્રેસ નોટ**

.......................

**માહે એપ્રિલ ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે એપ્રિલ ૨૦૧૭ દરમ્યાન ૪૧૮૧ ઈન્ડોર તથા ૪૪૩૪૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૦૭૦ તથા ૬૬૭ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૦૧૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૭૯૧ અને જુના ૧૩૬૨ દર્દીઓ સહીત કુલ ૨૧૫૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૨૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૮૧૨ તથા આંખ વિભાગમાં ૨૫૨૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૬૮૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# :પ્રેસનોટ:

**પૂર્વઝોન(વરાછા)ના હદ વિસ્તારમાં આવેલ શાળાઓ દ્વારા પોતાના પટાંગણમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબની કાળજી લઈ નોડલ ઓફિસરની નિમણુંક કરી આપવામાં આવેલ " પોર્ટલ" મુજબ " સેલ્ફ ચેકીંગ સર્ટિફીકેટ" રજુ ન કરતાં નિષ્ક્રિયતા દાખવતી શાળાઓમાં વી.બી.ડી.સી. વિભાગ દ્વારા હાથ ધરેલ આકસ્મિક ચેકીંગની અખબારી યાદીઃ**

મા. કમિશ્નરશ્રીના આદેશ અનુસાર તેમજ કમિશ્નરશ્રી (આરોગ્ય) અને અગ્રસચિવ (જાહેર આરોગ્ય), ગાંધીનગરના સુચનો મુજબ તમામ સંસ્થાઓ દ્વારા પોતાના પટાંગણમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબના પગલાં હાથ ધરી નોડલ ઓફિસરની નિમણુંક કરી પખવાડીક " સેલ્ફ ચેકીંગ સર્ટિફીકેટ" શાળાઓ દ્વારા રજૂ કરવા જણાવેલ છે. જેમાં નિષ્કાળજી દાખવેલ શાળાઓમાં પૂર્વઝોન (વરાછા) ખાતેથી વી.બી.ડી.સી. વિભાગ દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરતા અનુક્રમ (૧) સિમાડાગામ સ્થિત **"ગોપીનાથ વિદ્યાલય"** ના પટાંગણમાં પડતર સિન્ટેક્ષ ટાંકીમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયાના રોગના જવાબદાર મચ્છરનું બ્રિડીંગ જોવા મળેલ છે. જેનો સ્થળ ઉપર નાશ કરાવવા સહિત ન્યુસન્સની ઉત્પતિ કરેલ હોવાનું જણાતાં **રૂા.૫૦૦૦/–(અંકે પાંચ હજાર પુરા)** સ્થળ ઉપર વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ છે. (૨) **એન.સી.ઠાકર એજયુકેશન સંસ્થા**ના ધાબાં ઉપર વરસાદી પાણીનો ભરાવો જોવા મળેલ. જેનો નિકાલ કરાવી મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ કરવાની સંભાવના જણાતાં **રૂા. ૨૦૦૦/– (અંકે બે હજાર પુરા)** સ્થળ ઉપર વહિવટી પરચુરણ ખર્ચ વસુલવામાં આવેલ છે.

આથી શહેરમાં આવેલ તમામ શાળાના સંબંધિત જવાબદારને જણાવવાનું કે, તેઓના પટાંગણમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબની કાળજી લઈ પખવાડીક "સેલ્ફ ચેકીંગ સર્ટીફિકેટ" ઈ.ચા.જંતુનાશક અધિકારીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. આગામી દિવસોમાં શાળા સંચાલકો દ્વારા "નોડલ ઓફિસર" ની નિમણુંક કરી અગાઉ આપવામાં આવેલ "પોર્ટલ" મુજબ કાર્યવાહી હાથ ન ધરનાર શાળાને વિદ્યાર્થીઓના જાહેર આરોગ્યને ધ્યાને લઈને શાળા બંધ કરાવવા સુધીના આકરા પગલા હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ખાનગી ખુલ્લા પ્લોટ ધારોક સામે આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :</u>

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા મે.કમિશનરશ્રી તરફ થી સુચન કરવામાં આવેલ છે. સદર બાબત ધ્યાને લઈને પશ્ચિમઝોન પાલ, પાલણપોરગા ના હદ વિસ્તારમાં આવેલ (૧) યાજ્ઞિક રેસી સામે (૨) ઈ.ડ.એસ. આવાસ સામે (૩) રાજમહલ રો હાઉસ સામે (૪) અભિનંદન પાછળ (૫) શ્રીપદની સામે ટી.પી.૧૦, ફા.પ્લોટ ૧૦૦ વોક–વે પાસે કુલ :– ૦૫ જેટલાં ખાનગી ખુલ્લાં પ્લોટ ધારકોને વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા આગોતરી જાણ કરવામાં આવેલ હોવા છતાં તે મુજબ અમલ ન કરતાં ઈસમો ના પ્લોટમાં સામે કરવામાં આવેલ ખાતાકીય કામગીરી સબબ વહીવટી વસૂલાત ખર્ચ પેટે રૂ./– ૧૮૦૦૦/– (અંકે અઢાર હજાર ) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ ખાનગી ખુલ્લાં પ્લોટ ધારકોને જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે પ્લોટમાં સુરત મહાનગર પાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

**''વિશ્વ પર્યાવરણ દિવસ''** નિમિત્તે તા.૧૪/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આંગણવાડીની અંદર અને આજુબાજુમાં સાફ સફાઈ કરાવવી અને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **''વિશ્વ પર્યાવરણ દિવસ''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આંગણવાડીની અંદર અને આજુબાજુમાં સાફ સફાઈ કરાવવી અને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૪/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય/આઈ.સી.ડી.એસ. વિભાગની સંયુકત ટીમ બનાવી સદર ટીમ ધ્વારા ઝોન વિસ્તારમાં આવેલ આંગણવાડીનાં અંદર તથા આજુબાજુ ધનિષ્ઠ સફાઈની કામગીરી કરાવી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો. ત્યાબાદ ભાગ લીધેલ તમામ સ્ટાફને ભીના/સુકા કચરાનું વર્ગીકરણ કરી ''સુકો અને ભીનો કચરો અલગ રાખો, અલગ આપો'' તે બાબતનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ નાં શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| આંગણવાડી ની સંખ્યા | આંગણવાડી સ્ટાફમાં ભાગ લેનાર | | | શપથ લીધેલ વ્યકિતઓની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| | આંગણવાડી કાર્યકર્તાઓ | સુપરવાઈઝર | કામદાર | | | |
| ૧૧૯ | ૧૬૦ | ૭૮ | ૨૫૫ | ૯૮૭ | ૧.૨૫૦ | ૧૪૯૫ |

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## બ્રીજસેલ
## પ્રેસનોટ

સુરત શહેરમાં આવેલ રેલ્વે ગરનાળા નં.૪૪૫ સહારા દરવાજામાંથી પસાર થતાં રાહદારીઓ તથા વાહન ચાલકો પર ઉપરથી પસાર થતી ટ્રેન મારફત ટપકતું ગંદુ અને મેલુ પાણી અને કચરો પડતો અટકાવવા બાબતે કાયમી ઉકેલ લાવવા રેલ્વે વિભાગ ધ્વારા રેલ્વે કલ્વર્ટ નં. ૪૪૫ માં ટ્રેકની નીચેના ભાગે ટેમ્પરરી શીટીંગ એરેંજમેન્ટની કામગીરી હાથ ધરાયેલ છે. જે કામગીરી પૈકી કડોદરા તરફથી સહારા દરવાજા તરફ જતા રસ્તા પર આવેલ મુંબઈ તરફનાં બોક્ષ નં.૧ અને બોક્ષ નં.૨ ની કામગીરી મે માસમાં પુર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ બાકી રહેલ કામગીરી માટે સહારા દરવાજા તરફથી કડોદરા તરફ જતાં રસ્તા પર આવેલ અમદાવાદ તરફનાં બોક્ષ નં.૩ ની કામગીરી તા.૧૮/૦૬/૧૭ નાં રોજથી કરવામાં આવનાર છે. જેથી, આ કામગીરી દરમ્યાન જાહેર જનતાનાં જાનમાલની સલામતી જળવાઈ રહે તે હેતુસર, આ ગરનાળાનાં સહારા દરવાજા તરફથી કડોદરા તરફ જતાં તમામ પ્રકારનાં વાહનોની અવર જવર, અમદાવાદ તરફનાં બોક્ષ નં.૩ માંથી વાહન વ્યવહાર બંધ રહેશે. જેથી દિલ્હીગેટ તરફથી આવતાં વાહનો લાલ દરવાજા થઈ સુરત રેલ્વે સ્ટેશન નજીક સુર્યપુર ગરનાળામાંથી પસાર થઈ પોદ્દાર આર્કેટ પાસેથી ઈસ્ટ (વરાછા) ઝોન પાસેથી પસાર થઈ જુની બોમ્બે માર્કેટ અને સુરત– કડોદરા રોડ પર જઈ શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

સદર કામગીરી તા.૧૮/૦૬/૨૦૧૭ થી તા.૦૪/૦૭/૨૦૧૭ દરમ્યાન કરવામાં આવશે, જેથી, ઉપર જણાવ્યા મુજબનો રૂટ જાહેર જનતાનાં વપરાશ માટે બંધ રહેશે. વધુમાં, સદરહું કામગીરી વહેલી પુર્ણ થશે તો ઉપરોક્ત રસ્તો બીજી જાહેરાત વિના જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં....257
તા..૧૫/૦૬/૨૦૧૭

**:: પ્રેસનોટ ::**

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત
" શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"

વિષય : રૂસ્તમપુરા તરણકુંડ ખાતે તા.૦૫/૦૭/૨૦૧૭ના રોજ યોજાનાર પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**નું આયોજન તા.૦૫/૦૭/૨૦૧૭ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે **રૂસ્તમપુરા તરણકુંડ**, આશાપુરી માતાના મંદિરની બાજુમાં, રૂસ્તમપુરા મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ બાળતરણ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો(છોકરા–છોકરીઓ) ભાગ લઈ શકશે જયારે "તરણ સ્પર્ધા"માં શહેરના ૧૩ થી ૫૦ વર્ષની વયના **દિવ્યાંગ વ્યકિતઓ** ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી તા.૦૧/૦૭/૨૦૧૭ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કુલ બોનાફાઈડ સર્ટીફિકેટ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/ information/ news પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :-**

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ અન્ય એક મિલ્કત વોર્ડ નં.૦૯, નોંધ નં.૧૫૧૭ થી ૧૫૨૦, ૧૫૨૩ થી ૧૫૨૫ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, દિવાલનું ચણતર પ્લાસ્ટર કામ આશરે ૬૨૦૦ સે.ફીટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, દાદર તથા માર્જીન કવર્ડ સહિત આશરે ૪૦૦ સે.ફીટ તેમજ એલીવેશન ટ્રીટમેન્ટમાં કરેલ અંદાજીત ૧૫૦ સે.ફીટ ગેરકાયદેસર બાંધકામ આજે તા.૧૫/૦૬/૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/- વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. .....0259......<br>
તા.૧૫/૦૬/૨૦૧૭

# પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ખાનગી ખુલ્લા પ્લોટ તેમજ બાંધકામના ધારોક સામે આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :**

હાલમાં ચોમાસાની ૠતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા મે.કમિશ્નરશ્રી તરફથી સુચન કરવામાં આવેલ છે. સદર બાબત ધ્યાને લઈને પશ્ચિમઝોન અડાજણ, પાલ, પાલણપોરગામ ના હદ વિસ્તારમાં આવેલ (૧) સેન્ટ માર્કની બાજુમાં આવેલ ખુલ્લો પ્લોટ (૨) સીલીકોન લકઝરીયા બાંધકામ (૩) હબ ટાઉન બાંધકામ (૪) કાશાકીંગ બાંધકામ (૫) હીડન સ્કવેર પાસે કુલ :– ૦૫ જેટલાં ખાનગી ખુલ્લાં પ્લોટ તેમજ બાંધકામ ધારકોને વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા આગોતરી જાણ કરવામાં આવેલ હોવા છતાં તે મુજબ અમલ ન કરતાં ઈસમો ના પ્લોટ તેમજ બાંધકામના ધારકો સામે કરવામાં આવેલ ખાતાકીય કામગીરી સબબ વહીવટી વસૂલાત ખર્ચ પેટે રૂ./– ૩૧૦૦૦/– (અંકે એકત્રીસ હજાર ) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ ખાનગી ખુલ્લાં પ્લોટ ધારકોને જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ પ્લોટમાં તેમજ બાંધકામમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે પ્લોટમાં તેમજ બાંધકામમાં સુરત મહાનગર પાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## સુરતમહાનગરપાલિકા નાં વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવા તેમજ બાંધકામ સર્વે ઝુંબેશ કામગીરીની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તમામ ઝોનમાં મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે  ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવા તેમજ બાંધકામ સર્વે ઝુંબેશ કરવામાં આવી હતી. શહેરનાં તમામ બાંધકામો,શાળાઓ,હોસ્પિટલો,સરકારી તથા ખાનગી મિલકતોમાં મચ્છર જન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેમાટે નોડલ ઓફિસરની નિમણૂંક કરવા જણાવેલ છે તેમ છતા મચ્છર જન્ય પરિસ્થિતિ નું નિર્માણ જોવા મળે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવે છે. તદઉપરાંત આજરોજ કરવામાં આવેલ ઝુંબેશ માં –૭૧૫ બાંધકામનો સર્વે કરવામાં આવ્યો જે માંથી ૬૦૩ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો તથા મચ્છરજન્ય પરિસ્થિતિ માટે રૂ. ૪,૯૧,૭૫૦/–  વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

### ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવામાં નીચે મુજબ વહીવટી ખર્ચની વસલાત કરવામાં આવી હતી

–રાંદેરઝોનમાં સેઈન્ટ પાર્ક બાજુમાં  ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો માં **૪૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

–ઉધનાઝોનમાં પ્લોટ નં.એ–૨–૧૯/૨૦ ભગવતીનગર ઈન્ડ.,ભેસ્તાનમાં **૫૦૦૦/–,** ગંગોત્રીનગર પ્લોટ નં. ૯૪, બમરોલી **૧૦૦૦/–**,૫૦૧ ઈશ્વરનગર,ગભેણી, ઉનમાં **૧૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

–લિંબાયત ઝોનમાં ગ્રીન લેન્ડ માર્ક ઓપન પ્લોટ માં **૨૦૦૦/–,** મહાદેવનગર–૩,  લક્ષ્મીનારાયણ –૧, જયજલારામનગર,સ્વસ્તિક ઈન્ડસ્ટ્રીઝ માં **૮૫૦૦/–,** શામળાધામ ની બાજુમાં , ગોડાદરા યુનિટ ની સામે, મીડાસ્કેવર ની સામે, સ્વસ્તીક ની બાજુમાં, રાજવર્લ્ડ ની બાજુમાં **૧૧૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

–**૭૧૫** બાંધકામોમાં સર્વે કરવામાં આવ્યો જે માંથી ૬૦૩ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી  બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.
– આરોગ્ય રક્ષણ સંબંધી  **૧૬૭** નોટિસ આપવામાં આવી.
– મચ્છરજન્ય પરિસ્થિતિ માટે રૂ. **૪,૯૧,૭૫૦/–**  વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.
–**૩૧૪૫** સ્પોટમાં બાંધકામોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો.
–**૨૧૬૫** વ્યકિતઓ ને મચ્છરજન્ય રોગ અને તેના નિયંત્રણ અંગે માહિતી આપવામાં આવી.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# **:પ્રેસનોટ:**

**પૂર્વઝોન(વરાછા)માં ચાલતા બાંધકામ ઓર્ગેનાઈઝર/બિલ્ડર દ્વારા પોતાના પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવામાં ઉદાસીનતા દાખવવા ઉપરાંત વસવાટી મજુરોને મચ્છરદાની પૂરી ન પાડવાની નિષ્ક્રિયતા દાખવતાં તેમજ નોડલ ઓફિસરની નિમણુક ન કરતાં બાંધકામો ઉપર આદરેલી સામૂહિક ઝુંબેશની અખબારી યાદીઃ**

---

મા. કમિશ્નરશ્રી (આરોગ્ય) અને આરોગ્યસચિવ (જાહેર આરોગ્ય) ગાંધીનગરના સુચનો તેમજ મે. કમિશ્નરશ્રીના મળેલ આદેશાનુસાર શહેરમાં ચાલી આવેલ બાંધકામોના ઓર્ગેનાઈઝરો/બિલ્ડર દ્વારા પોતાના પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબ પાણી ભરાવાના સ્થળોએ સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવામાં ઉદાસીનતા દાખવતા તેમજ વસવાટ કરતાં મજુરોને મચ્છરજન્ય રોગોથી બચવા મચ્છરદાનીની સુવિધા પૂરી ન પાડતાં બાંધકામો તેમજ નોડલ ઓફિસરની નિમણુક ન કરતાં બાંધકામો સામે ખાતાકીય કામગીરી કરવા સહિત નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા સૂચના મળેલ છે.

સદર હકીકતે આજરોજ પૂર્વઝોન (વરાછા) ખાતે આવેલ **કુલ ૬૩ બાંધકામો** ચેક કરતાં વી.બી.ડી.સી. વિભાગ તરફથી આપવામાં આવેલ સૂચનાનો અનાદર કરતાં **કુલ ૨૦ બાંધકામ** ધારકો પાસે **કુલ રૂા. ૮૦૦૦૦/– (અંકે રૂપિયા એંસી હજાર પૂરા)** વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસૂલવા ઉપરાંત જરૂરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

આથી તમામ બાંધકામના ઓર્ગેનાઈઝર/બિલ્ડરને જણાવવાનુ કે તમારી પ્રિમાઈસીસમાં બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિયમિત સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવા ઉપરાંત સાઈટ ઉપર વસવાટ કરતાં મજૂરોને મચ્છરદાની પૂરી પાડવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા કિસ્સામાં બાંધકામ સ્થગિત કરવા સુધીના આકરા પગલાં ભરવામાં આવશે. જેની નોંધ લેશો.

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૧૪/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આંગણવાડીની અંદર અને આજુબાજુમાં સાફ સફાઈ કરાવવી અને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આંગણવાડીની અંદર અને આજુબાજુમાં સાફ સફાઈ કરાવવી અને ઘન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૪/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય/આઈ.સી.ડી.એસ. વિભાગની સંયુકત ટીમ બનાવી સદર ટીમ ધ્વારા ઝોન વિસ્તારમાં આવેલ આંગણવાડીનાં અંદર તથા આજુબાજુ ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરાવી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો. ત્યાબાદ ભાગ લીધેલ તમામ સ્ટાફને ભીના/સુકા કચરાનું વર્ગીકરણ કરી "સુકો અને ભીનો કચરો અલગ રાખો, અલગ આપો" તે બાબતનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ નાં શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| આંગણવાડી ની સંખ્યા | આંગણવાડી સ્ટાફમાં ભાગ લેનાર | | | શપથ લીધેલ વ્યકિતઓની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| | આંગણવાડી કાર્યકર્તાઓ | સુપરવાઈઝર | કામદાર | | | |
| ૧૧૯ | ૧૬૦ | ૭૮ | ૨૫૫ | ૯૮૭ | ૧.૨૫૦ | ૧૪૯૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

## સુરત મહાનગર પાલિકા ના સાઉથ ઈસ્ટ ઝોન ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન બાંધકામોમાં મચ્છરની ઉત્પતિ અટકાવવાની ઝુંબેશ ના ભાગ રૂપે.

તા. ૧૫/૦૬/૨૦૧૭ ના રોજ સુરત મહાનગર પાલિકાના લિંબાયત ઝોન માં વી.બી.ડી.સી વિભાગ ના પર્વત ગોડાદરા વિસ્તારમાં ચાલતા મોટાં મોટાં બાંધકામોની સાઈટોની આરોગ્ય લક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં વિવિધ બાંધકામો જેવાકે પોલારિસ– સિધ્ધાર્થ ડેવલોપર્સ– અનુપમા હાઈટસ– રાજ ટેક્ષટાઈલ્સ વિકાસ ટેક્ષટાઈલ્સ– સ્વસ્તિક ટેક્ષટાઈલ્સ જેવા બાંધકામો માં મચ્છર ના બ્રિડીંગ મળી આવતાં તેઓને આરોગ્ય લક્ષી નોટીસ આપી રૂા. ૧,૫૧,૦૦૦/– (અંકે એક લાખ એકાવન હજાર પુરા)જેટલો માતબાર દંડ કરવામાં આવેલ છે. તેમજ આ બાબતે ભવિષ્યમાં કાળજી રાખવા બાબત ની તાકીદ કરવામાં આવેલ છે.

# **પ્રેસ નોટ**

તા.૧૭/૦૬/૨૦૧૭ના રોજ જો શહેરમાં વાદળીયુ વાતાવરણ ન હોય તોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ઉપલબ્ધ રીફ્રેકટર ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને રાત્રે ૮:૦૦ થી ૦૯:૩૦ કલાક સુધી શનિ ગ્રહ વિના મૂલ્યે બતાવવાની વ્યવસ્થા કરવામાં આવનાર છે, સદર બાબતે જાહેર જનતાએ સાયન્સ સેન્ટર સુરત ખાતે આવતા પહેલા ટેલીફોન થી સાંજે ૦૭:૦૦ કલાક પહેલા સંપર્ક કરવાનો રહેશે. ફોન નંબર : ૨૨૫૫૯૪૬–૪૭ અને ૯૭૨૭૭૪૦૮૦૭.

# **:-પ્રેસનોટ-:**

**સેન્ટ્રલ ઝોનમાં ચાલતાં બાંધકામોમાં તેમજ શાળાઓની પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવામાં ઉદાસીનતા દાખવતા અને નોડલ ઓફિસરની નિમણુંક ન કરતાં બાંધકામો તેમજ શાળાઓ વિરુદ્ધ વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા કરવામાં આવેલ સામૂહિક ઝુંબેશની અખબારી યાદીઃ**

મા.કમિશ્નરશ્રી (આરોગ્ય) અને આરોગ્યસચિવ (જાહેર આરોગ્ય) ગાંધીનગરના સુચનો તેમજ મે.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના મળેલ આદેશાનુસાર શહેરમાં ચાલી રહેલ બાંધકામોના ઓર્ગેનાઈઝરો/બિલ્ડર દ્વારા પોતાના પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબ પાણી ભરાવાના સ્થળોએ સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવામાં ઉદાસીનતા દાખવતા તેમજ વસવાટ કરતાં મજૂરોને મચ્છરજન્ય રોગોથી બચવા મચ્છરદાનીની સુવિધા પૂરી ન પાડતાં તેમજ નોડલ ઓફિસરની નિમણૂંક ન કરતાં બાંધકામો સામે ખાતાકીય કામગીરી કરવા સહિત નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા સૂચના મળેલ છે.

સદર હકીકતે સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ કુલ ૧૦૫ બાંધકામો ચેક કરતાં વી.બી.ડી.સી.વિભાગ તરફથી આપવામાં આવેલ સૂચનાનો અનાદર કરતાં/ખામી મળતાં કુલ ૨૨ બાંધકામ ધારકો પાસે કુલ રૂા.૭૦૫૦૦/-(અંકે સીત્તેર હજાર પાંચસો પુરા) વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસુલવા ઉપરાંત હાલની ચોમાસાની ઋતુમાં તકેદારી રાખવા સબબ કુલ ૭૬ બાંધકામોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ જરૂરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.તથા સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ કુલ ૮૭ શાળાઓ ચેક કરતાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ કરે તેવી ખામી મળેલ કુલ ૦૪ શાળાનાં સંચાલકો પાસેથી કુલ રૂા.૮૫૦૦/-(અંકે આઠ હજારપાંચસો પુરા) વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

તમામ બાંધકામના ઓર્ગેનાઈઝર/બિલ્ડરને તેમની પ્રિમાઈસીસમાં બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિયમિત સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવા ઉપરાંત સાઈટ ઉપર વસવાટ કરતાં મજૂરોને મચ્છરદાની પૂરી પાડવા સૂચના આપવામાં આવેલ છે અને જો આ સૂચનાનું પાલન ન કરવાના કિસ્સામાં બાંધકામ સ્થગિત કરવા સુધીના આકરા પગલાં ભરવામાં આવશે.વધુમાં તમામ શાળાઓનાં સંચાલકો/ટ્રસ્ટીઓને મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ કરે તેવી ખામી ઉત્પન્ન ન થાય અને વિધાર્થીઓનું આરોગ્ય ન જોખમાય તે મુજબની તકેદારી રાખવા સુચના આપવામાં આવી.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૯/૦૬/૨૦૧૭ થી તા.૧૫/૦૬/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૧૮૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૫ |

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૧૬/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં ઘન કચરાનાં વર્ગીકરણ અંગે રેલી તથા શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં ઘન કચરાનાં વર્ગીકરણ અંગે રેલી તથા શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૬/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય, N.G.O., કોર્પોરેટર કંપનીઓ અને સ્વૈચ્છિક સંસ્થાની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ વેજીટેબલ માર્કેટોમાં ઘન કચરાનું વર્ગીકરણ કરી સુકો/ભીનો કચરાને અલગ–અલગ ડસ્ટબીનોમાં રાખવા માટે પોસ્ટરો, બેનરો તથા પેમ્પલેટની વહેંચણી કરી જનજાગૃતિનાં પ્રચાર–પ્રસાર અર્થેની રેલીઓ કાઢી પ્રજાજનોમાં બહોળો પ્રચાર કરવામાં આવેલ હતો. ત્યારબાદ આ રેલીમાં લીધેલ તમામ સભ્યોને સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરી "સુકો/ભીનો કચરો અલગ આપીશ અને અલગ રાખીશ" માટેનાં શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| વેજીટેબલ માર્કેટની સંખ્યા | N.G.O. અને સ્વૈચ્છિક સંસ્થાનાં સભ્યોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | શપથ લેવડાવવામાં આવેલ વ્યકિતઓ |
|---|---|---|---|---|
| ૩૨ | ૯૪ | ૭૨ | ૨૬૮ | ૮૩૩ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી" નિમિત્તે તા.૧૬/૦૬/૨૦૧૭ના રોજ વિવિધ ઝોનમાં યોજાયેલ યોગ અંગેની તાલીમ.

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તા. ૨૧ જૂનના દિવસને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ રજૂઆતને સંયુકત રાષ્ટ્ર સંઘએ સ્વીકારી "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર થતાં વિશ્વભરમાં યોગની ઉજવણી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા, નગર પ્રાથમિક, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેનરો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે ચં.ચી.મહેતા નાટ્યગૃહ–સેન્ટ્રલ ઝોન, સુભાષનગર કોમ્યુનિટી હોલ–લિંબાયત ઝોન, દિવાળી બાગ કોમ્યુનિટી હોલ–રાંદેર ઝોન, મલ્ટી પર્પઝ હોલ–કતારગામ ઝોન, ડો.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ–વરાછા ઝોન, પાંડેસરા કોમ્યુનિટી હોલ–ઉધના ઝોન, અલથાણ કોમ્યુ. હોલ–અઠવા ઝોન ખાતે તા.૧૬/૦૬/૨૦૧૭ના રોજ યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થાના ભાગરૂપે મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિધાર્થીઓએ યોગ તાલીમ મેળવેલ છે.

૨૧મી જૂન ૨૦૧૭ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાવા ઉત્સુકતા દાખવેલ છે. સવારે ૭.૦૦ કલાકથી યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ યોજાનાર યોગ કાર્યક્રમ અંગેના સ્થળ અંગેની માહિતી નીચે મુજબ છે.

.....૨

| ઝોન | ક્રમ | ઈલે.વોર્ડ નં. | સ્થળની વિગત |
|---|---|---|---|
| સેન્ટ્રલ | ૧ | ૧૯ | સગરામપુરા કોમ્યુનિટી હોલ, હાફેઝી મસ્જીદ સામે, સગરામપુરા, સુરત. |
| | ૨ | ૧૯ | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ,૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, તરણકુંડની બાજુમાં રૂસ્તમપુરા, સુરત. |
| | ૩ | ૧૨ | સલાબતપુરા કોમ્યુનિટી હોલ, સલાબતપુરા, બાળશહીદ ચોક પાસે, સુરત. |
| | ૪ | ૧૨ | લકકડકોટ કોમ્યુનિટી હોલ,સુથાર ફળીયા, સીનેમા રોડ, દિલ્હી ગેટ, સુરત. |
| | ૫ | ૨૦ | ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત |
| રાંદેર | ૬ | ૧૦ | દિવાળી બાગ કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ, સુરત. |
| | ૭ | ૧૦ | સીનીયર સીટીઝન હોલ, ઈશિતા પાર્ક, સંઘવી ટાવરની પાછળ, અડાજણ રોડ, સુરત. |
| | ૮ | ૯ | સ્કુલ ચિલ્ડ્રન હોલ, ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત |
| | ૯ | ૯ | કોમ્યુનિટી હોલ પાલ, એલ.પી.સવાણી સ્કૂલ પાસે, સી.એન.જી.પંપની પાછળ, રામેશ્વરમ રેસીડન્સની બાજુમાં, સુરત. |
| | ૧૦ | ૧ | કોમ્યુનિટી હોલ જહાંગીરપુરા, જહાંગીરપુરા–ડભોલી બ્રીજ પાસે, મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત. |
| | ૧૧ | | એલ.પી.સવાણી સ્કુલ, ભોંયરામાં, એલ.પી.સવાણી સ્કુલ રોડ, સુરત. |
| | ૧૨ | | રીવરફ્રન્ટ ગ્રુપ–૧, મકકાઈપુલ, અડાજણ, સુરત. |
| | | | રીવરફ્રન્ટ ગ્રુપ–૨, મકકાઈપુલ, અડાજણ, સુરત. |
| | ૧૩ | | ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ, રૂષભ ટાવર પાસે, રાંદેર માર્ગ,સુરત |
| ઉધના | ૧૪ | ૧૯ પૈકી | ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના,સુરત. |
| | ૧૫ | ૨૭ | હરિનગર કોમ્યુનિટી હોલ, ગ્રાઉન્ડ ફ્લોર–૧૫૦, પ્રથમ માળ–૧૫૦ |
| | ૧૬ | ૨૭ | પાંડેસરા કોમ્યુનિટી હોલ, પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા, સુરત. |
| | ૧૭ | ૨૭ | ભેસ્તાન–એચ–૧૫, ઈ.ડબલ્યુ.આવાસ કોમ્યુનિટી હોલ, ભેસ્તાન ઈકલેરા રોડ, રેલ્વે ફાટકની આગળ, ભેસ્તાન, સુરત. |
| | ૧૮ | ૨૯ | ભેસ્તાન કોમ્યુનિટી હોલ નવો, ટી.પી.૪૮(ભેસ્તાન) ફા.પ્લોટનં.૭૧, બી.આર.ટી.એસ. વર્કશોપ ની સામે, ભેસ્તાન, સુરત. |
| | ૧૯ | ૨૨ પૈકી | એસ.ઈ.પી.સી.એન્ડ યુ.આર.સી.સેન્ટર, ઉધનાઝોન ઓફિસ પાસે, રાયકા સર્કલ, દાઉદનગર બ્રીજના છેડે, ઉધના, સુરત. |
| | ૨૦ | ૨૯ | વડોદ આવાસ કોમ્યુનિટી હોલ, ઈ.ડબલ્યુ.આવાસ, શિવશકિત સોસા.ની બાજુમાં, વડોદ |
| | ૨૧ | ૨૭ | ભેસ્તાન કોમ્યુનિટી હોલ, નગર પ્રા.શા. નં.૨૧ ઉના કેમ્પસમાં, શાકભાજી માર્કેટ પાસે, ભેસ્તાન ગામ, સુરત. |
| લિંબાયત | ૨૨ | ૧૮ | ઉમરવાડા કોમ્યુનિટી હોલ, ઉમરવાડા ઈ.ડબલ્યુ.એસ.પાસે, સુરત. |
| | ૨૩ | ૧૮ | ડો.બાબાસાહેબ આંબેડકર હોલ, માનદરવાજા, સુરત. |
| | ૨૪ | ૨૫ | મંગલ પાંડે હોલ, ગોડાદરા, સુરત. |
| | ૨૫ | ૧૭ | ઈન્ટરસીટી હોલ, ઈન્ટરસીટી કોમ્પ્લેક્ષની બાજુમાં, પુણા કુંભારીયા રોડ, સુરત. |
| | ૨૬ | ૨૬ | ડીંડોલી પાર્ટી પ્લોટ/કોમ્યુનિટી હોલ, ડીંડોલી તળાવ પાસે, સુરત. |
| | ૨૭ | ૧૭ | લિંબાયત ઝોન કચેરી, ડુંભાલ ફાયર સ્ટેશન પાસે, સુરત. |
| | ૨૮ | ૧૭ | પરવત કોમ્યુનીટી હોલ, પરસોતમનગરની સામે, પરવત–ગોડાદરા રોડ, સુરત. |
| | ૨૯ | ૨૪ | સુભાષનગર કોમ્યુનિટી હોલ, સુભાષનગર, સંજય નગર સર્કલ પાસે, લિંબાયત, સુરત. |
| અઠવા | ૩૦ | ૩૩ | અલથાણ કોમ્યુ. હોલ (ઉપર અને નીચે), અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં,ભટાર,સુરત |
| | ૩૧ | ૩૨ | ઉમરા કોમ્યુ. હોલ(ઉપર), એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા |
| | ૩૨ | ૩૩ | અલથાણ ભટાર કોમ્યુનિટિ હોલ, સોહમ સર્કલ પાસે અલથાણગામ સુરત. |
| | ૩૩ | ૨૩ | આદર્શ ભવન હોલ, આદર્શ સોસા.,અઠવા ઝોન ઓફીસની બાજુમાં, અઠવાલાઈન્સ |
| | ૩૪ | ૩૨ | મહેશ્વરીભવન(નીચેનો હોલ), સાઈન્સ સેન્ટરની બાજુમાં, સીટીલાઈટ |
| | ૩૫ | ૩૨ | વિજય લક્ષ્મી હોલ, જોલી રેસીડેન્સીની બાજુમાં, એસ.ડી.જૈન સ્કુલ પાસે,વેસુ |
| | ૩૬ | ૩૩ | સંસ્કાર ભવન, દીનાનાથ આવાસની બાજુમાં,પુનમ નગર પાસે, ભટાર રોડ |
| | ૩૭ | ૩૧ | કાપડીયા હેલ્થ કલબ, વૈષ્ણોદેવી મંદીરની બાજુમાં,ન્યુ ભટાર રોડ |
| | ૩૮ | ૩૨ | તેરાપંથ ભવન, અશોક પાનની ગલીમાં,સીટીલાઈટ |
| | ૩૯ | ૨૩ | શ્રી આનંદ નિવાસ સંત્સગ હોલ, શ્રી આનંદપુર સંત્સગ રોડ, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત. |
| વરાછા | ૪૦ | ૪ | કાપોદ્રા મલ્ટી પર્પઝ હોલ, સાગર સોસાયટી સામે, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા, સુરત. |
| | ૪૧ | ૬ | સરદાર પટેલ સ્મૃતિ ભવન–ભોંયતળિયું, ભાતની વાડી, મેઘાણી બાગની સામે, મીનીબજાર, વરાછા, સુરત. |
| | ૪૨ | ૧૬ | વરાછા ઝોન ઓફિસ–ભોંયતળિયું, સૈફી સોસા.ની બાજુમાં, પંચવટીવાડી સામે, લંબેહનુમાન રોડ, વરાછા. |
| | ૪૩ | ૩ | કોમ્યુનિટી હોલ, નાના વરાછા, ગામતળ, નગર પ્રાથમિક શાળા પાસે, સુરત. |
| | ૪૪ | ૫ | સરદાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ધરમનગર રોડ, વરાછા, સુરત. |
| | ૪૫ | ૨ | મોટાવારાછા મલ્ટી પર્પઝ હોલ, ફાયર સ્ટેશન પાસે, સુદામા ચોક, મોટાવરાછા, સુરત. |
| | ૪૬ | ૩ | સરથાણા કોમ્યુનિટી હોલ, શ્રધ્ધા સોસા.ની સામે, નાનાવરાછા, સુરત. |
| | ૪૭ | ૧૪ | ડો.શ્યામા પ્રસાદ મુખરજી હોલ, આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| | ૪૮ | ૫ | કોમ્યુનિટીહોલ વલ્લભાચાર્ય, વલ્લભાચાર્ય રોડ, વરાછા રોડ, સુરત. |
| | ૪૯ | ૧૬ | યોગીચોક કોમ્યુનિટી હોલ, પાણીની ટાંકી પાસે, સાવલીયા ચોક, પુણા, સુરત. |

| | | | |
|---|---|---|---|
| કતારગામ | ૫૦ | ૮ | મલ્ટી પર્પઝ હોલ,સીંગણપોર, વાળીનાથ ચોકથી સીંગણપોર રોડ, પ્રમુખ વિધાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત. |
| | ૫૧ | ૨ | એચ–૫ કોમ્યુનીટી હોલ–કોસાડ, એચ–૫, ઈ ડબલ્યુ એસ આવાસ, ફાયર સ્ટેશનની પાછળનો રોડ, કોસાડ, સુરત. |
| | ૫૨ | ૨ | ઉત્રાણ કોમ્યુનીટી હોલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં, ઉત્રાણ |

## ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.





## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૭/૦૬/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાં સ્વામીનારાયણની ચાલ,સ્વામીનારાયણની વાડી,ખાનસાહેબનોડેલો,રૂઘનાથપુરા,મોમનાવાડ,ગોપીપુરા વિસ્તાર ડી.કે.એમ સામે હરિજનવાસ અને જુમ્માસા ટેકરો જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સંગના સોસા.,ધોબીનો ખાચો સ્ટાર બજારની પાછળ,ઠાકોરધ્વારસોસા. વિભાગ–૨,૪,સંતતુકારામ વિભાગ–૬,શારદાનગર–૧,૨ જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં મફતનગર ચંદદીપ સોસાયટી,શ્રી સાંઈ જલારામનગર,સંગમ સોસાયટી,ગીતાનગર –૩,સાહીલનગર,હરિઓમનગર અને ક્રિષ્ણાનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મહાદેવ નગર, શિવકૃપા સોસા.,મહાપ્રભુગર સર્વે નં–૩,ઉમરવાડા ડી ટેનામેન્ટ,ચીમની ટેકરા,શિવસાંઈ નગર,શિવશકિત નગર,સહજાનંદ નગર,પ્રિયંકા નગર, પ્રિયંકા ટાઉનશીપ,પ્રભુ નગર,કેશવ નગર, શિવકૃપા વૃંદાવન નગર ૧–૨ જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં ઓલપાડી મહોલ્લો, પનાસ ગામ, ડો.આંબેડકર નગર, સુમન અમૃત ખોડીયારનગર, સરસાણા ગામ, મગદલ્લા હળપતિવાસ જેવા વિસ્તારોમાં, કતારગામઝોનમાં આનંદપાર્ક સોસા., આંબાતલાવડી, હળપતિવાસ, રાયલી પ્રેસ, જલારામનગર ગુ.હા.બોર્ડ, એચ–૧ કોસાડ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં મફતનગર, ભોળાનગર, ખાડી મહોલ્લો, નરસિંહ મંદિર, અશોકનગર, નવો મહોલ્લો હળપતિવાસ, શ્રીરામ વસાહત, ટાંકીપાળ/રવિપાર્ક ઝું., કૃષ્ણનગર વસાહત, દિનદયાળ વસાહત, નાથુનગર, મંદિર ફળિયું, પોસ્ટ ઓફિસ ફળિયું, વોરાજી ફળિયું, ભૈયાનગર,સાંઈનગર, લક્ષ્મીનગર,ખોડિયારનગર, સરિતા વિહાર સો., પ્રમુખછાયા સો.,દિવાળીબા સોસા. જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **42922** | **96297** | **330** | **13838** | **1465** | **3143** | **154** | **46500** | **93** | **35699** | **21253** |

### તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

### સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

# :પ્રેસનોટ:

**પૂર્વઝોન(વરાછા)માં ચાલતા બાંધકામ ઓર્ગેનાઈઝર/બિલ્ડર દ્વારા પોતાના પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવામાં ઉદાસીનતા દાખવવા ઉપરાંત વસવાટી મજુરોને મચ્છરદાની પૂરી ન પાડવાની નિષ્ક્રિયતા દાખવતાં તેમજ નોડલ ઓફિસરની નિમણુક ન કરતાં બાંધકામો ઉપર આદરેલી સામૂહિક ઝુંબેશની અખબારી યાદી:**

મા. કમિશનરશ્રી (આરોગ્ય) અને આરોગ્યસચિવ (જાહેર આરોગ્ય) ગાંધીનગરના સુચનો તેમજ મે. કમિશનરશ્રીના મળેલ આદેશાનુસાર શહેરમાં ચાલી આવેલ બાંધકામોના ઓર્ગેનાઈઝરો/બિલ્ડર દ્વારા પોતાના પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે મુજબ પાણી ભરાવાના સ્થળોએ સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવામાં ઉદાસીનતા દાખવતા તેમજ વસવાટ કરતાં મજુરોને મચ્છરજન્ય રોગોથી બચવા મચ્છરદાનીની સુવિધા પૂરી ન પાડતાં બાંધકામો તેમજ નોડલ ઓફિસરની નિમણુક ન કરતાં બાંધકામો સામે ખાતાકીય કામગીરી કરવા સહિત નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા સૂચના મળેલ છે.

સદર હકીકતે આજરોજ પૂર્વઝોન (વરાછા) ખાતે આવેલ **કુલ ૯૧ બાંધકામો** ચેક કરતાં વી.બી.ડી.સી. વિભાગ તરફથી આપવામાં આવેલ સૂચનાનો અનાદર કરતાં **કુલ ૨૫ બાંધકામ** ધારકો પાસે **કુલ રૂા. ૧૩૦૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસૂલવા ઉપરાંત જરૂરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

આથી તમામ બાંધકામના ઓર્ગેનાઈઝર/બિલ્ડરને જણાવવાનુ કે તમારી પ્રિમાઈસીસમાં બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિયમિત સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવા ઉપરાંત સાઈટ ઉપર વસવાટ કરતાં મજૂરોને મચ્છરદાની પૂરી પાડવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા કિસ્સામાં બાંધકામ સ્થગિત કરવા સુધીના આકરા પગલાં ભરવામાં આવશે. જેની નોંધ લેશો.

# —:: પ્રેસનોટ ::—

તા.૧૭–૦૬–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૫૨ | ૨૧ | ૪૫ | ૪૨૦૦ |
| વરાછા | ૧૨૩ | ૮૯ | ૨૦૭ | ૧૭૮૦૦ |
| રાંદેર | ૧૫ | ૧૨ | ૫૫ | ૨૪૦૦ |
| કતારગામ | ૬૫ | ૧૮ | ૫૫ | ૩૬૦૦ |
| ઉધના | ૨૮ | ૧૮ | ૨૯૦ | ૩૬૦૦ |
| લિંબાયત | ૨૩ | ૨૩ | ૧૩૫ | ૪૬૦૦ |
| અઠવા | ૪૪ | ૧૭ | ૧૦૮ | ૩૪૦૦ |
| કુલ | ૩૫૦ | ૧૯૮ | ૮૯૫ | ૩૯૬૦૦ |

૨૭૩

**"પબ્લિક સર્વિસ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૬/૧૭નાં રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે તા.૧૭/૦૬/૧૭ નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૭/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨,૯૨૨ | ૯૬,૨૯૭ | ૩૩૦ | ૧૩,૮૩૮ | ૧૪૬૫ | ૩૧૪૩ | ૧૫૪ | ૪૬,૫૦૦ | ૯૩ | ૩૫,૬૯૯ | ૨૧,૨૫૩ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.